Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# સમાજ સુધારક તરીકે ગાંધીજીનું કાર્ય

**પ્રો. ચૌધરી રમેશભાઇ એમ.**
એમ.એમ.ચૌધરી આર્ટ્સ કોલેજ, રાજેન્દ્રનગર, તા. હિંમતનગર જી. સાબરકાંઠા

યુગપુરુષ મહાત્મા ગાંધીએ યુગપલટાનો એક મહાન પ્રયોગ આદર્યો હતો. એ જમાનામાં પણ આજની જેમ તમામ ક્ષેત્રોમાં કાયાપલટ થવાની જરૂર હતી. આજની પેઠે જ જગત સમૂળી ક્રાંતિને ઝંખી રહ્યું હતું. એ જમાનામાં પણ જીવનના વિવિધ ક્ષેત્રોમાં નવા ચીલા પાડવાના હતા. જૂના પરિબળો સામે નવા વિચારોનો સંઘર્ષ ચાલતો હતો. સમાજના પાયાના થરમાંથી નવરચના થવાની જરૂર હતી.

વ્યક્તિ સ્વાતંત્ર્ય મેળવવા, અન્યાયનો પ્રતિકાર કરવા અને જીવનના તમામ ક્ષેત્રોમાંથી શોષણની નાબુદી કરવા ગાંધીજીએ સામાજિક જીવનના બધા પાસાંઓનું સૂક્ષ્મ અવલોકન કર્યું અને સાથે સાથે તેમણે નવા સામાજિક મૂલ્યો સ્થાપ્યા. આ સંદર્ભમાં ગાંધીજીએ સમાજ સુધારણા માટેના પ્રયાસો કર્યા અને તે સમાજ સુધારણા માટે તેમણે રચનાત્મક કાર્યક્રમો બનાવ્યા જેનો અમલ કેટલાક અંશે આજે પણ થઇ રહ્યો છે.

ગાંધીજીના મતે સ્ત્રી પુરુષ વચ્ચે કુદરતી રીતે જ જૈવિક વિભિન્નતા છે એથી દૈનિક જીવનમાં સ્ત્રી અને પુરુષના કર્તવ્યો વચ્ચે તફાવત રહે પણ તેથી એક જાતિ ઉંચી અને બીજી નીચી એવો અર્થ કરી શકાય નહિ. સ્ત્રી અને પુરુષ એ બન્ને સરખા મહત્વના અને પ્રતિષ્ઠાપાત્ર હોવાનું ગાંધીજી સમજતા હતા. ગાંધીજીએ સ્ત્રી ઉન્નતિ માટે જે પ્રયાસો કર્યા તેને પરિણામે ૧૯૩૦ના મીઠાના સત્યાગ્રહમાં મોટી સંખ્યામાં સ્ત્રીઓ જોડાઇ તેમણે પુરુષોની સાથે રહી તેમના જેવી જ કામગીરી બજાવી.

ગાંધીજી નોંધે છે કે શુધ્ધ નૈતિક દ્રષ્ટિએ તેમને ચોક્કસ અભિપ્રાય આપવાનો આવે તો તેઓ દારૂ વિરુધ્ધ જ અભિપ્રાય આપે કારણ કે દારૂ માણસના નૈતિક પાયાને નબળો પાડે છે. ગાંધીજીના મત મુજબ દુનિયામાં દારૂબંધીના તાત્કાલિક અમલ માટે હિંદ જેટલો સુયોગ્ય બીજો એક પણ દેશ નથી. આઝાદીના પ્રાપ્તિ બાદ દારૂબંધીની નીતિ દેશમાં ફરીથી અમલમાં મુકવામાં આવી. મુંબઇ સરકારે ચાર વર્ષના ગાળામાં ટુકડે ટુકડે દારૂબંધી દાખલ કરી. ઇ.સ. ૧૯૫૦-૫૧ માં સંપૂર્ણ દારૂબંધી દાખલ કરવામાં આવી તે પછી સૌરાષ્ટ્ર, આંધ્ર અને મદ્રાસમાં પણ સંપૂર્ણ દારૂબંધીનો અમલ કરવામાં આવ્યો.

જાતે સહન કરીને સામાનું હ્રદય જીતવું એ જ સાચીવાત છે. ગાંધીજીએ પોતાની સત્યની શોધમાં જતાં અહિંસાને શોધી કાઢી. સત્યને પ્રાપ્ત કરવાનો શ્રેષ્ઠ માર્ગ એ હકીકતની ખાતરી થવામાં હતો કે તમારું જ કેવળ સત્ય ન હોઇ શકે અને કોઇપણ સ્ત્રોતમાંથી તમારા પર સત્ય ઉજાગર થાય તે સ્વીકારવા જેટલા ખુલ્લા મનના તમે હોવા જોઇએ. આનાથી જ ગાંધી અહિંસા તરફ દોરાયા. સત્ય શોધકને ખાતરી હોવી ઘટે કે જે બીજાને ખતમ કરીને આગળ આવવા મથે છે તે અગ્રેસર થતો નથી, પણ કેવળ જ્યાં હતો ત્યાં જ સ્થગિત થઇ જાય છે, જ્યારે જેણે સહન કર્યું છે અને જેમણે મુશ્કેલીઓ વહોરી લીધી છે તેઓ આગળ વધ્યા છે અને કેટલીક વખત તો અન્યને પોતાની સાથે લઇ ગયા છે. હિંસાનું શરણું વધુ લો તેમ સત્યથી વધુ વેગળા જવાય.

એકવાર પંડિત જવાહરલાલ નહેરુ રાજકોટ રાષ્ટ્રીયશાળામાં રેંટિયાબારસ-ગાંધી જયંતિના ઉત્સવ નિમિત્તે આવેલા. તે વખતે તેમણે પોતાની અનોખી શૈલીમાં કહેલું કે “બાપુનો હાથ જે કોઇ વસ્તુને અડ્યો, તેમાં ક્રાંતિ સર્જાઇ. ભંગીના ઝાડુને હાથ લગાડ્યો તે તેમાંય ક્રાંતિ થઇ. નહિતર ચરખામાં શું? એક નાનકડી લાકડાની પેટી, સોય જેવી લોખંડની નાનીશી ત્રાક, ચામડાની બે ચમરખી, ઉપર સૂતરના દોરાની માળ. એમાં બીજું શું છે? પણ

એમનો હાથ અડ્યો ત્યાં કરોડો લોકોના દિલમાં વસી ગયો."

ગાંધીજીના વ્યક્તિત્વ દુનિયામાં લોકપ્રિય છે તેનું મુખ્ય કારણ તેમના વિચારો છે. સત્યના પ્રયોગોમાં તેમણે પોતાના જીવનની ઘટનાઓને કોઇપણ જાતના શરમ રાખ્યા વગર નિષ્ઠાપૂર્વક પ્રસ્તુત કરી છે. ગાંધીજી આધ્યાત્મિક સમાજવાદને સ્વીકારતા હતા. જ્યાં સુધી સામાન્ય માનવીને મળતી સવલતો શ્રીમંતને મળતી સવલતો જેવી ન હોય ત્યાં સુધીએ સ્વરાજ્ય લાવ્યાનો કોઇ અર્થ નથી. ગાંધીનીના મતે સમાજવાદમાં ગરીબ, તવંગર, ખેડૂત, માલિક, મજદૂર સર્વને સરખી જ તક હોવી જોઇએ. સમાજવાદીઓ સત્ય અને અહિંસાનું સેવન કરતા હોવા જોઇએ અને હ્રદયની શુધ્ધતા ધરાવતા હોવા જોઇએ.

ગાંધીજી આર્થિક સમાનતામાં માનતા હતા. તેઓ સર્વ પ્રકારના શ્રમ માટે વેતનની હિમાયત કરતા હતા. તેઓ વેતનની સમાનતા પર ભાર મૂકતા હતા અને સર્વ વ્યવસાયમાં તેનો અમલ કરવો જોઇએ એમ માનતા હતા. જો કે તેઓ વેતનમાં દ્રષ્ટિબિંદુમાં લઘુત્તમ વળતર પર ભાર મૂકતા હતા. દરેક વ્યક્તિને એની કુદરતી અને વાસ્તવિક જરૂરિયાતો સંતોષાય એટલું મળવું જોઇએ. તેમના મતે સંગ્રહ અને બિનજરૂરી ભોગવટો ન હોવો જોઇએ.

ગુજરાતની ધરતી પર એ અમારા ગુજરાતનું સૌભાગ્ય છે. સાદગીપૂર્ણ જીવન અને ઉચ્ચ આદર્શ અનુસાર પોતાનું જીવનનિર્માણ કર્યું અને સામાન્ય માનવીથી મહામાનવ બન્યા. તેમણે સત્ય અને અહિંસાનો સંદેશ દેશ અને દુનિયા માટે નવો માપદંડ બની ગયો.

**<u>સંદર્ભ ગ્રંથોની સૂચિ :</u>**


૧) પાઠક રામનારાયણ : 'મોહનમાંથી મહાત્મા'. દ્વિતીય આવૃત્તિ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૨૦૦૮.

૨) ગાંધીજીનું સમાજ સુધારણામાં પ્રદાન, અંજના બી. શાહ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, પ્ર.આ. ૧૯૮૧.

૩) સંપૂર્ણ દારૂનિષેધ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

૪) ગાંધી મો.ક., "સત્યના પ્રયોગો- આત્મકથા", નવજીવન પ્રકાશન, અમદાવાદ.

૫) ગાંધીજી, "સર્વોદય", નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૯૭.

૬) ગાંધીજી, "હિંદ સ્વરાજ" નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

૭) મોદી અમૃત અને દેસાઇ જીતેન્દ્ર , "અવતરિત હુએ ગુજરાતમેં ઐસે ગાંધી", સૂચના સૂચના નિર્દેશાલય, ગાંધીનગર, ૧૯૯૫.